# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૧૮

## તારીખ.૨૦–૧૦–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે આ સાથે સામેલ રીપોર્ટની વિગત વંચાણે લેતા મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા તમામ શહેરોમાં સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૮ શરૂ કરાવેલ હોઈ તે કામે લોકોમાં જાગૃતિ આવે તે કામે સરકારશ્રી ધ્વારા નકકી કરેલ પ્રચાર પ્રચાર કામના ફલેકસીબલ બેનર્સ મુકવા નિયામકશ્રી ધ્વારા મળેલ સુચના મુજબ શહેરમાં તમામ વોર્ડમાં બેનર્સ ફીટ કરવા કામે સદર કામની એજન્સી વિશ્વાસ બેનર્સ એન્ડ એડ વાળા પાસેથી જુદી જુદી તારીખોમાં બેનર્સ તૈયાર કરાવી ફીટ કરાવેલ છે જે કામનું ખર્ચનું રૂપીયા.૬૯,૧૦૨/–થયેલ હોઈ તે ખર્ચ મંજુર કરવામાં આવે છે સદર કામનો ખર્ચ સ્વચ્છ ભારત મિશન ગુજરાતના હુકમ નંબર. સભમ/૧૦૨૦૧૭/આઈ.ઈ.સી.૪/૮૯૩/ એસ.બી.એમ.સેલ/તારીખ.૦૧–૦૭–૨૦૧૭ની ગ્રાંટ હેઠળ કરવાનો રહેશે.

| અ.ન. | બીલની વિગત તારીખ. | નંગ | વિગત | રકમ |
|---|---|---|---|---|
| (૧) | જીટી ૮/૪૩ તા.૨૮–૦૯–૨૦૧૭ | ૪ નંગ | બેનર્સ | ૩૫૮૪–૦૦ |
| (૨) | જીટી ૮/૬૪ તા.૩૦–૦૯–૨૦૧૭ | ૨ નંગ | બેનર્સ | ૧૦૭૫–૦૦ |
| (૩) | જીટી ૨૦/૪૨ તા.૧૭–૦૧–૨૦૧૮ | ૩૪ નંગ | બેનર્સ ફીટીગ | ૬૪૪૪૩–૦૦ |
| | | | કુલ રૂપીયા | ૬૯૧૦૨–૦૦ |

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

## <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૯</u>
## <u>તારીખ.૨૦–૧૦–૨૦૧૮</u>

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા શાક મારકેટમાં આવેલ ઓટલા વિભાગ ગ્રાઉન્ડ ફલોર ઓટલા નંબર. ૬૪ વાળી હાલમાં (૧) ભીખીબેન નગીનદાસ ચુનારા, રહેવાસી મોટી ચુનારવાડ,મુ. ખંભાત તા.ખંભાત જી.આણંદના નામે ચાલે છે સદર ઓટલા નંબર. ૬૪ તેઓ એ સુરજબેન કિશનભાઈ ચુનારા રહેવાસી ઉપલુ પાધરીયું, શકરપુર તા. ખંભાત જી.આણંદના નામે ટ્રાન્સફર કરવા અરજી આપેલ છે જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ જેનો જનરલ બોર્ડ ઠરાવ નંબર.૫૩ તારીખ.૩૦–૦૧–૨૦૧૪ની પોલીસી મુજબ ઓટલામાં નામ ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા. ૨૫,૦૦૦/– તથા માસીક લાયસંસ ફીમાં ૨૫ (પચ્ચીસ) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે ઓટલા નંબર. ૬૪ માં સુરજબેન કિશનભાઈ ચુનારાના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર

### <u>શરતો</u>

(૧) સદર ઓટલાની માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર ઓટલાનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર ઓટલાનું માસિક લાયસંસ ફી રૂપીયા.<u>૧૬૫/–અંકે રૂપીયા એકસો પાંસઠ</u> પુરા પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) ઓટલો ભાડે રાખનાર ઈસમ ઓટલો પેટા ભાડવાતને આપી શકશે નહી અગર તો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય ઓટલો બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે ઓટલો ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર ઓટલો રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ

કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર ઓટલાની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ(૦૯)વર્ષની મુદત માટે રહેશે અને ૦૯(નવ)વર્ષ પુર્ણ થયા પહેલા જે તે ઓટલો રાખનારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી ઓટલા નો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર ઓટલો હરાજીથી આપેલ ઓટલો નવ(૦૯)વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર ઓટલાની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને ઓટલાની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં ઓટલો ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/–તથા જે ઓટલાની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે ઓટલાની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી ઓટલામાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા ઓટલામાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ ઓટલામાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) ઓટલાની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) ઓટલો લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી ઓટલો લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ ઓટલામાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે